: : કાળાં-ધોળાંની સમસ્યા : :                જૂન ૨૦૨૦

આ દુનિયા મત-ભેદોથી જ નહીં, પણ એથી યે ખરાબ, ભેદ-ભાવોથી ભરેલી છે. જ્યાં જુઓ ત્યાં એમ જ લાગે છે કે કોઈને કોઈ ગમતું જ નથી. અને કોઈ પણ સ્તરે – વ્યક્તિ, સમાજ, જાતિ, દેશ બાબતે- મનથી, આંખોથી, વાણીથી, વર્તનથી એકમેકને નીચાં પાડવાનું, જુદાં પાડવાનું ચાલતું જ રહેતું લાગે છે. કારણમાં કશું પણ હોઈ શકે – નાત-જાત, ધન-સંપત્તિ, પોષાક-પહેરવેશ, ત્વચાનો રંગ. અરે, ઊંચાઈ-નીચાઈ, જાડા-પાતળા ને ચશ્માં જેવી બાબત પણ કારણ બની શકે છે.

લોકસત્તાની હિમાયતી સરકારો નીતિ-નિયમ છપાવે છે, ને જાહેર કરે છે ખરી, પણ પ્રજાના માનસમાં ઉતારી નથી શકતી. બહુ દૂરના નહીં એવા જમાનામાં, અમેરિકામાં દરેક જણે ઘણી માહિતી જાહેર કરવી પડતી. નોકરી લેવા જાઓ, બૅન્કમાં ખાતું ખોલાવવા જાઓ, કે ઘર ભાડે કરવા જાઓ-ત્યાં જે પણ ફૉર્મ ભરવાનાં આવે એમાં જાતિ ( દા.ત. ઇન્ડિયન), ધર્મ, લિંગ, ઉંમર વગેરે લખવાનું રહેતું. ત્રીસ-પાંત્રીસ વર્ષ પહેલાં, ભેદભાવ-વિરોધી ધારા તળે, ફૉર્મમાંથી આવી માહિતીનાં ખાનાં નાબુદ થયાં. હજી ક્યારેક – દા.ત. વાહન-ચાલકના લાયસન્સ માટે – ઊંચાઈ, વજન, આંખ ને વાળનો રંગ પૂછે છે, પણ તે ઓળખની ચોકસાઈ માટે.

ઉંમરને કારણે કોઈને નોકરી ના આપવી, કે નોકરીમાંથી છૂટાં કરવાં વગેરે ગેરકાયદેસર છે, છતાં ઉંમરને કારણે ભેદ-ભાવ રહે છે તો ખરો જ. ઉંમર મોટી હોય તો કોઈને નોકરી ના મળી હોય, એવું બનતું જ રહેતું હોય છે. અલબત્ત, કારણ એ ના અપાય. કાયદાથી બચવાનું તો જોવાનું જ હોય ને. દેખાવડી અને નહીં દેખાવડી એવી વ્યક્તિઓ પ્રત્યેની અન્યોની વર્તણૂંકમાં પણ (લગભગ સ્પષ્ટ) ભેદ-ભાવ રહેતો દેખાય છે. અહીં વાત ભલે અમેરિકાના નામથી હોય, પણ અણગમા અને હીણપતના ભાવ સર્વત્ર હોય છે, ને અત્યંત સૂક્ષ્મ રીતે અનુભવાતા, આરોપાતા હોય છે.

અમેરિકાનો સંદર્ભ ચાલુ રાખું છું. જ્યારે અમુક તફાવતીય, બિનજરૂરી ગણી શકાય તેવી વિગતો કાયદેસર નાબુદ કરવામાં આવી ત્યારે સંજોગો અને સમય એવા આવ્યા કે વ્યક્તિઓનાં નામ-અટક ભેદના, વિરોધના ભાવ માટે કારણભૂત થવા માંડ્યાં. ઘણાંયે નામથી ધર્મ છતો થતો હોય છે, ને આજકાલ તો એથી જ ઘૃણા, ક્રોધ ને હિંસા પ્રજ્વલિત થઈ ઊઠતાં હોય છે.

અહીંની મૂળ પ્રજા ગોરા અને કાળા લોકોની બનેલી કહેવાય. અમેરિકી-ઇન્ડિયન જાતિઓ તેથી યે પહેલાંની જરૂર ખરી, પણ એ જૂથો, ત્યારથી જ, સમાજથી અલગ, નિસ્બત વગર રહ્યાં હતાં. ગોરી સરકાર અને ગુલામ તરીકે લવાયેલી કાળી પ્રજાની વચ્ચેના માનસિક ને સામાજિક ભેદ-ભાવ હટાવવા માટે જો પ્રયત્ન થતા રહ્યા છે, તો એ ટકાવવા માટે અહીં આંતર્વિગ્રહ પણ ક્યાં નથી થયા? આ હજી સાઠેક વર્ષ પહેલાં – ‘કાળા લોકોને અહીં જવાની કે બેસવાની કે દાખલ થવાની મનાઈ છે’- જેવાં સૂત્રો જાહેર જગ્યાઓએ ને બસોમાં લગાવાતાં. હવે તો એમને સમાન હક્ક મળેલા છે, ને છતાં, ‘બ્લૅક’ સર્જકો, વિચારકો, સમાજસેવકો વગેરે બૌદ્ધિકો બાપ-દાદાને થયેલાં, “ઐતિહાસિક અપમાનો” ભૂલી નથી શકતાં.

આજે રોજિંદા સ્તરે પણ, ‘બ્લૅક’ પ્રજા અન્યાય અનુભવતી રહે છે. તાજેતરમાં એક સમાચાર સાંભળીને બહુ

નવાઈ લાગી. રેડિયો, ટૅલિવિઝન અને છાપાંમાં જાહેર થયું, કે 'બ્લૅક' જેવાં નામ હોય તો નોકરી નથી મળતી અથવા ઓછાંને મળે છે. પણ 'વ્હાઈટ' જેવાં નામ હોય તો નોકરી મેળવવી સહેલી બને છે. અભ્યાસ અને નિરીક્ષણો કર્યા પછી મળેલો આવો નિષ્કર્ષ આઘાત પમાડે છે. 'બ્લૅક' સમાજમાં તો આ સમાચારથી ભારે સભાનતા અને ઉહાપોહ સર્જાયાં. સૅફ્રોનિયા, ઍબૉનિ, નૅલ જેવાં બ્લૅક સ્ત્રીઓનાં, તથા ગોમેઝ, જેસી, લિરૉય, ડૅન્ઝૅલ જેવાં બ્લૅક પુરુષોનાં, તરત ઓળખાઈ જાય તેવાં, કેટલાંક નામો છે. અસંખ્ય નામ સ્ત્રી અને પુરુષોમાં સરખાં પણ હોય છૈ, ને તેથી કેટલાયે કિસ્સામાં, નોકરી આપનારાં ચમકી જતાં હોય છે.

યોગાનુતોગ, આ સમાચાર બહાર પડ્યા તે પહેલાં, હાર્વર્ડ યુનિવર્સિટીમાં વકીલાતનું ભણાવતા એક આફ્રિકન-અમેરિકન, એટલેકે 'બ્લૅક', પ્રોફેસરનું પુસ્તક વાંચવામાં આવ્યું. કાળી-ગોરી પ્રજાઓ વચ્ચેની - સંભોગ, લગ્ન, દત્તક, વ્યક્તિતા વગેરે વિષેની વિગતપૂર્ણ, રસપૂર્ણ, આશ્ચર્યપૂર્ણ માહિતી એમાં મળે છે. પ્રો. રૅન્ડોલ કૅનૅડિ કહે છે, કે માત્ર ૦.૦૯ ટકા લગ્નો કાળાં અને ધોળાંની વચ્ચે થતાં હોય છે, ને તે પણ છેક આ સમયે. પહેલાં તો ટકાવારી, હશે તોયે, સાવ નહીં જેવી હશે. સત્તરમી સદીથી દ્વિ-જાતીય લગ્નો પર પ્રતિબંધ મૂકાતો રહેલો, તે છેક ૧૯૬૭માં દેશની સુપ્રિમ કોર્ટ દ્વારા બંધારણની વિરુદ્ધનો જાહેર થયો. લેખક એમ ઈચ્છે છે, કે "અમેરિકાના સમાજ અને માનસમાંથી જાતિ-ભેદ સાવ નીકળી જાય, કે જેથી વ્યક્તિની ત્વચાના રંગ પરથી એનો સામાજિક મોભો નક્કી ના થાય." તો આ વિષય પર લખનારા અન્ય કોઈનું કહેવું એમ છે, કે "આમ કરતાં અમેરિકામાં કાળા-ધોળાને બદલે (મિશ્રણ થઈને) બદામી અને કાળા જેવા ભાગ પડી જશે."

આ ૦.૦૯ ટકાથી વધારે પ્રમાણમાં એશિયન, ઓરિએન્ટલ, હિસ્પાનિક, અમેરિકન-ઈન્ડિયન વગેરે વ્યક્તિઓ 'વ્હાઈટ'વ્યક્તિઓ સાથે પરણતી જોવા મળે છે. એ સ્પષ્ટ છે, કે કાળા લોકો દેખાવે ઘણા વધારે જુદા પડી જતા હોય છે. પણ એમાંનાં અસંખ્ય જણ દેખાવે સુંદર ને આકર્ષક પણ હોય છે જ, અને બુદ્ધિમાન ને પૈસાદાર પણ હોય છે. કમનસીબે, આ પ્રજા અમુક જાતના અભિપ્રાયોનો ભોગ બનતી હોય છે.

લેખક કહે છે, કે મિશ્રિત લગ્નો માટે મુખ્યત્વે ત્રણ મતામત જોવા મળે છે. એક નાનું જૂથ આવાં લગ્નોની તરફેણ કરે છે, અને માને છે કે આથી જાત-ભેદ ઘટશે, પરસ્પર વિષે સમજણ અને સહિષ્ણુતા વધશે. બીજું જૂથ આવાં લગ્નોને ઈચ્છા પ્રમાણે પસંદગી કરવાનો વ્યક્તિઓનો અધિકાર માત્ર ગણે છે. ત્રીજું જૂથ આવાં લગ્નોનો વિરોધ કરે છે - બ્લૅક જાતિને દગો થશે, એ કલ્ચરની અવગણના થશે, શરમજનક બનશે વગેરે દલીલ કરીને. આવો વિરોધ હંમેશાં અસરકારક રહ્યો છે, અને ઘણાં યે મિશ્ર-લગ્નો એ કારણે તૂટ્યાં પણ છે.

ઘણી બ્લૅક સ્ત્રીઓ એમાં જાતિ-બહેનોનું અપમાન થતું પણ જુએ છે. લાયક (ભણેલા, બુદ્ધિમાન, સજ્જન, સુખી) બ્લૅક પુરુષો જો ગોરી સ્ત્રીઓને પસંદ કરશે, "તો અમને કોણ પરણશે?", એવો પ્રશ્ન બ્લૅક સ્ત્રીઓ પૂછે છે. ને સાચે જ, ચાર કે પાંચ કુંવારી બ્લૅક યુવતીઓની સામે એકાદ આવો કુંવારો બ્લૅક પુરુષ હોય તો હોય. મોટી સંખ્યામાં, જાણીતા અને ઊંચી પદવીધારી બ્લૅક પુરુષો વ્હાઈટ સ્ત્રીઓને પરણેલા છે, ને વિચારકોને માટે આ જરાક નિરાશાજનક બાબત બને છે.

તે એ રીતે, કે જો સન્માન્ય અને દાખલો બેસાડી શકે તેવા બ્લૅક પુરુષો એમની જાતિની બહાર પરણે તો બ્લૅક યુવા-પ્રજા માટે શું આધાર રહ્યો? આ જાતિમાં આમેય ગુના, ખૂન, મારામારી, માદક દ્રવ્યો, બેકારી, ભણતરનો અભાવ, ગરીબી, તરછોડાયેલી માતા વગેરે કેટલીયે સમસ્યાઓ છે. તેથી માર્ગદર્શન આપી શકે,

તેમજ માન ને ગૌરવ કરી શકાય તેવી વ્યક્તિઓ ઘણી આવશ્યક છે. મિશ્ર-લગ્ન કરનારા બ્લૅક પુરુષો બધી રીતે - બાહ્ય, આંતરિક, ભૌતિક, માનસિક - પોતાની જાતિને છેહ દે છે, એવો નિરાશાવાદી આ મત છે.

પ્રો. કૅનૅડિ તો એમ પણ કહે છે, કે જે પાંચ-સાત લાખ બ્લૅક બાળકો અનાથાશ્રમમાં છે તે બધાંને વ્હાઇટ કુટુંબોમાં દત્તક આપવાં જોઈએ. એ પોતે "જાતિ-અંધ" સમાજના હિમાયતી છે. પણ જાતિ, રંગ વગેરે માટેના ભેદ-ભાવ વગરનો સમાજ શું શક્ય છે? ક્યાંય પણ? એવો કાળ જો કદિ અમેરિકામાં આવવાનો હશે, તો પણ એને હજી ઘણાં વર્ષોની વાર લાગે છે.

(૧૦૩૦ શબ્દ) ----- પ્રીતિ સેનગુપ્તા